અપીલ અરજી નં.૧૮ તા.૧૧–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – તંત્રીશ્રી આપણું ગુજરાત ન્યુઝ પેપર
સામાવાળાઃ–(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
(૨)ડેપ્યુટી કમિશનર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ તંત્રીશ્રી આપણું ગુજરાત ન્યુઝ પેપરની તા.૩–૩–૧૧ની અરજીથી (૧) શ્રી ચંદ્રેશ મોદી, લીકેજ ઈન્સપેકટર,અઠવાઝોન, સુરત. (૨) ચંદ્રેશ મોદી અઠવા ઝોનમાં કેટલા વર્ષ થી ફરજ બજાવે છે. (૩) શ્રી ચંદ્રેશ મોદી પોતાની તેમજ પરિવારનાં નામે કેટલી પ્રોપર્ટી ધરાવે છે અને કઈ કઈ જગ્યાએ ધરાવે છે તે તમામની ૭/૧૨ અને દસ્તાવેજોની નકલો. વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧૧–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧૮ /૨૦૧૧–૧૨

તંત્રીશ્રી આપણું ગુજરાત ન્યુઝ પેપરની તા.૩–૩–૧૧ની અરજીથી (૧) શ્રી ચંદ્રેશ મોદી, લીકેજ ઈન્સપેકટર ,અઠવાઝોન, સુરત. (૨) ચંદ્રેશ મોદી અઠવા ઝોનમાં કેટલા વર્ષ થી ફરજ બજાવે છે. (૩) શ્રી ચંદ્રેશ મોદી પોતાની તેમજ પરિવારનાં નામે કેટલી પ્રોપર્ટી ધરાવે છે અને કઈ કઈ જગ્યાએ ધરાવે છે તે તમામની ૭/૧૨ અને દસ્તાવેજોની નકલો. વિ. મુદ્દા નં.૧ થી ૭ ની માહિતિ આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (અઠવા ઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/આ.૧ તા.૧–૪–૧૧ થી આપેલ માહિતી પૈકી મુદ્દા નં.૩,૪,૬,૭ ની માહિતિ મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે અન્ય કોઈ જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ કરેલ છે કે કેમ? તેની વિગત પણ જણાવવા તથા વધુમાં માંગેલ પૈકીની માહિતિ શ્રી મોદીના સેવા રેકર્ડ પરથી આપી શકાય તેમ છે કે કેમ? તે પણ આધાર સહ જણાવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૮ તા.૨૦–૪–૧૧ થી જાહેર માહિતી અધિકારી અઠવા અને કાર્યપાલક ઈજનેરને તેમજ અરજદાર તંત્રીશ્રી આપણું ગુજરાત ન્યુઝ પેપર અપીલ અરજીમાં ફી જમા કરાવ્યાની વિગત તથા તેમની જાણ હેઠળ કોઈ તબદીલી થયેલ હોય તો તેની વિગત રજુ કરવા સાથે મુળ અરજી તથા અપીલ અરજીમાં તંત્રી તરીકે સહી કરનારનું નામ જણાવેલ ન હોઈ તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૮૩ તા.૨૬–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેવાપોથીના પ્રથમ ૧ થી ૪ પાનાની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૩૭૫ તા.૮–૩–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૩,૪,૬ અને ૭ માટે તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧ તા.૧–૪–૧૧ ના પત્રની નકલ તથા તેના એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩–૩–૧૧ ની અરજીથી અઠવાઝોનના કર્મચારી શ્રી ચંદ્રેશ મોદીની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.૩,૪ ,૬ અને ૭ ની સંપૂર્ણ માહિતી માટે ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.૧,૨ અને ૫ અંગેની માહિતી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧ તા.૧–૪–૧૧ થી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં.૩,૪,૬ અને ૭ ની માહિતી મળેલી નથી તેવું જણાવી તા.૮–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુળ અરજીના મુદ્દા નં. (૧) શ્રી ચંદ્રેશ મોદી, લીકેજ ઈન્સપેકટર,અઠવાઝોન, સુરત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ અન્વયે સ્પષ્ટતા થતી નથી. તેવું જણાવેલ છે. (૨) ચંદ્રેશ મોદી અઠવા ઝોનમાં કેટલા વર્ષથી ફરજ બજાવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અન્વયે શ્રી ચંદ્રેશ મોદી સા.વે.(અઠવા) ઝોનમાં છેલ્લા ૧૨ વર્ષથી ફરજ બજાવે છે તેવું જણાવેલ છે. (૩) શ્રી ચંદ્રેશ મોદી પોતાની તેમજ પરિવારનાં નામે કેટલી પ્રોપર્ટી ધરાવે છે અને કઈ કઈ જગ્યાએ ધરાવે છે તે તમામની ૭/૧૨ અને દસ્તાવેજોની નકલો. (૪) શ્રી ચંદ્રેશ મોદી જયારે પ્રથમ વખત ફરજ પર લાગેલા ત્યારે તેમની પ્રોપર્ટી કેટલી બતાવવામાં આવેલી તેની આજ દિન સુધીની વિગતો. (૫) શ્રી ચંદ્રેશ મોદી લીકેજ ઈન્સ્પેકટર તરીકે કેટલા કનેકશન ગેરકાયદેસર પકડી પાડેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૫ અન્વયે શ્રી ચંદ્રેશ મોદી લીકેજ ઈન્સ્પેકટર તરીકે કુલ ૧૪૭

ગેરકાયદેસર કનેકશન પકડી પાડેલ છે તેવું જણાવેલ છે. (૬) શ્રી ચંદ્રેશ મોદી લીકેજ ઈન્સ્પેકટર તરીકે કેટલી વખત અઠવાઝોન સિવાય કયા કયા ઝોનમાં ફરજ બજાવે છે. (૭) શ્રી ચંદ્રેશ મોદી ની ભરતી બાદ પ્રથમ કઈ પોસ્ટ પર હતા તેમણે ભરતી સમયે કયા કયા ડોકયુમેન્ટ મુકેલા હતા તેની ફોર્મ સાથેની નકલો. આમ, અરજદારના મુદ્દા નં.(૧) થી (૭) ની માહિતી પૈકી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, અઠવા ઝોન તરફથી અરજદારને મુદ્દા નં.(૧), (૨) અને (૫) ની માહિતી પુરી પાડેલ છે. જયારે મુદ્દા નં.(૩), (૪), (૬) અને (૭) અંગે અઠવા ઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન/અઠવા/આર.ટીઆઈ/આ/૧૩૭૫, તા.૦૮/૦૩/૨૦૧૧થી ડેપ્યુટી કમિશનર(૫ અને ઈ) અનને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.(૩), (૪), (૬) અને (૭) અંગેની માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૦૮/૦૪/૨૦૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને તંત્રી તરીકે અરજદારનું નામ સ્પષ્ટ કરવા સાથે પક્ષકાર જાહેર માહિતી અધિકારી જેમને અરજદારની જાણ હેઠળ સમય અવધિમાં તબદીલ થયેલ હોવા છતાં અરજદારે તે અંગે અપીલ તબકકે કોઈ જ બાબત માંગવા છતાં જણાવેલ નથી. જેથી અપીલના અનુસંધાને પ્રથમ તબકકે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ અને ડે.કમિ.(૫અનેઈ) ને પક્ષકાર તરીકે જોડી પૂરક વિગતો મંગાવી શકાઈ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ડે.કમિ.(૫અનેઈ) ધ્વારા અરજદારને આપેલ માહિતી જીએડી/ઈએસટી/૨૩૬ તા.૨૫–૪–૧૧ ની નકલ અત્રે મળેલ છે. જે અનુસાર મુદ્દા નં.૩ અને ૪ અંગે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. મુદ્દા નં.૬ અંગે અરજદારને નિમણુંક થી આજ સુધી બજાવેલ ફરજ અંગે માહિતી દર્શાવતી સેવાપત્રકની નકલ અરજદારે પાઠવેલ છે. જયારે મુદ્દા નં.૭ માં મુદ્દા નં.૬ સિવાય કોઈ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે જે પ્રસ્તુત કિસ્સામાં વિલંબથી જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ જણાય છે. અરજદારે તે માહિતી મળ્યા બાદ અપીલ તબકકે તક આપવા છતાં કોઈ તકરારી વિગતો જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી દફતરી ઉપલબ્ધ માહિતી બંને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ તેમજ વિલંબથી પૂરી પડાયેલ માહિતી બાબતે પણ અપીલ તબકકે તક આપવા છતાં અરજદારની કોઈ તકરાર ન હોઈ અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ડેપ્યુટી કમિશનર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) જાણ તથા અમલ માટે .

(૨) તંત્રીશ્રી, આપણું ગુજરાત ન્યુઝ પેપર